ક્રમાંક : જીઆઇડીસી/એએલટી/પોસ્ટ-વિતરણ/પોલિસી/૨૨
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા. ૦૮/૦૭/૨૦૨૧

## // પરિપત્ર //

વિષય : નિગમ દ્વારા લીઝ હોલ્ડ હક્ક માંથી ફ્રી હોલ્ડ હક્કમાં રૂપાંતરિત થયેલ એકમ અન્વયે કરવાની થતી કાર્યવાહી બાબત.

સંદર્ભ :
૧. ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : જીઆઇડીસી-૧૦૨૦૦૪-૭૭૨-ગ, તા-૦૫/૦૭/૨૦૦૬
૨. નિગમના પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ઓએન્ડએ/સીઆઇઆર/એએલટી/પોલિસી/૧૪, તા-૧૭/૧૦/૨૦૦૬
૩. નિગમના પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ એએલટી/ પીઓએલ/૧૭, તા. ૦૮/૧૧/૨૦૦૬
૪. નિગમના પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/એએલટી/પોલિસી/પોસ્ટવિતરણ/૨૨, તા-૨૬/૧૧/૨૦૧૯

સરકારશ્રીના ઉક્ત સંદર્ભિત ઠરાવ-૧ અન્વયે, લીઝ હોલ્ડ હક્ક માંથી ફ્રી હોલ્ડ હક્કમાં રૂપાંતર કરવા બાબતે નિગમ દ્વારા / નિર્દિષ્ટ વિસ્તાર / સંબંધિત સંસ્થાઓ / એસોસીએશન સંદર્ભિત પરિપત્ર -૨ અને ૩ થી નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. નિગમની વસાહતોમાં ફ્રી હોલ્ડ કરાયેલા પ્લોટ માટે CGDCR-17 ના category-D9 પ્રમાણે તમામ કાર્યવાહી કરવાની રહેશે.

નિગમ દ્વારા લીઝ હોલ્ડ હક્ક માંથી ફ્રી હોલ્ડ હક્કમાં રૂપાંતરિત થયેલ એકમ અન્વયે નિગમ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ બાબતે નીચે મુજબની કાર્યવાહી કરવાની થાય.

➢ <u>નકશા/પેટા વિભાજન/એકત્રીકરણની મંજુરી બાબતે</u>
સદર બાબત અંગેની સત્તા નિગમ હસ્તક હોઇ નકશાની મંજુરી અને તેને આનુસંગિક કામો અંગેની કાર્યવાહી નિગમના નિયમોનુસાર કરવાની રહે. જેમાં CGDCR-17 ના category-D9 ની શરતો માન્ય રહેશે.

➢ <u>અનઅધિકૃત વપરાશ બાબતે</u>
લીઝ હોલ્ડ હક્ક માંથી ફ્રી હોલ્ડ હક્કમાં રૂપાંતર થયા બાદ પણ ફાળવણીદારે જે હેતુ માટે ફાળવણી થયેલ હોય તે હેતુ માટે જ એકમનો ઉપયોગ કરવાનો રહેશે. એટલે કે ફાળવણીદાર પ્લોટનો વાણિજ્ય કે રહેણાંક હેતુસર વપરાશ કરી શકશે નહીં.

➢ <u>ટેક્સ/ સર્વિસ ચાર્જ ભરપાઈ કરવા બાબતે</u>
લીઝ હોલ્ડ હક્ક માંથી ફ્રી હોલ્ડ હક્કમાં રૂપાંતર થયા બાદ ફાળવણીદારે લાગુ પડતાં ટેક્સ/ સર્વિસ ચાર્જ જે તે નિગમ / નિર્દિષ્ટ વિસ્તાર / સંબંધિત સંસ્થાઓ / એસોસીએશનને ચુકવવાના રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઇડીસી, ગાંધીનગર.

(પાછળ)

રવાના કર્યુ

નાયબ મેનેજર (મહેકમ)

પ્રતિ,

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

<u>નકલ રવાના :</u>

૧. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇંડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.

૨. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

૩. મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... નિગમની વેબસાઇટ પર મૂકવા સારું.